સંદેશ - 01-03-2026

# કડીના એસ.વી. ઇન્સ્ટીટયુટમાં ફન ફિસ્ટા-૨૦૨૬ ઉત્સાહભેર ઉજવાયું





કડી : કડીની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ (એમ.બી.એ. તથા ઇન્ટીગ્રેટેડ એમ.બી.એ.) ખાતે Funfiesta-૨૦૨૬ ઉત્સાહભેર યોજાયો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ ફૂડ સ્ટોલ્સ તથા Halloween House રજૂ કરીને વ્યવસાય કેવી રીતે ચલાવવો, તેમાં પડતી અગવડો અને નફાકારક સંચાલન અંગેનું પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રીનીવાસા રાધિકા ફૂડના ડાયરેક્ટર સાઈ સુમન્થ ચેડેલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ધંધાની સંઘર્ષગાથા તથા વિકાસયાત્રા રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. સાથે જ ધંધાના સુક્ષ્મ મેનેજમેન્ટ મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું.વિદ્યાર્થીઓના ફૂડ સ્ટોલ્સનું સ્વાદ, ગુણવત્તા, નફો અને ડેકોરેશનના આધારે મૂલ્યાંકન કરી પ્રથમ ત્રણ સ્થાન મેળવનારા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. આ ઇવેન્ટમાં સંસ્થાના ૪૫૦ થી વધુ વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં મુલાકાતીઓએ ભાગ લીધો હતો.કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલે કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના ડાયરેક્ટર અને મેનેજમેન્ટ વિદ્યાશાખાના ડીન ડો. ભાવિન પંડ્યા, હેડ ડો. પ્રીતિ સાલવી તેમજ તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સૂર્યકાલ

# એસ.વી. ઇન્સ્ટિટ્યૂટ કડીમાં 'Celebration of Success-2026' યોજાયો




અમદાવાદ, સોમવાર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, કડી દ્વારા 'Celebration of Success-2026' તેમજ 'Oroja-The Talent Show'નો ભવ્ય કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને પ્રમુખ મણીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. પ્રસંગે સંસ્થાના ડાયરેક્ટર તથા મેનેજમેન્ટ વિદ્યાશાખાના ડીન ડો. ભાવિન પંડ્યાએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં શૈક્ષણિક પરિણામો, રિસર્ચ પ્રવૃત્તિઓ અને પ્લેસમેન્ટની નોંધપાત્ર સિદ્ધિઓ રજૂ કરવામાં આવી હતી. આ વર્ષે સંસ્થાએ ૭૧ કંપનીઓમાં વિદ્યાર્થીઓને રૂપિયા ૯ લાખ સુધીના પેકેજ સાથે પ્લેસમેન્ટ અપાવ્યું હતું. સ્મ્છમાં ૯૫% અને MBA (Integrated)માં ૧૦૦% પરિણામ નોંધાયું હતું તેમજ યુનિવર્સિટી યુવા મહોત્સવમાં સતત બીજી વખત ચેમ્પિયન બની સંસ્થાએ ગૌરવ મેળવ્યું હતું. કાર્યક્રમમાં Dev IT Ltdના સહસ્થાપક અને CEO જયમીન શાહે આધુનિક ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા પ્રભાવ અંગે માર્ગદર્શન આપ્યું હતું. Avocab Wires & Cablesના Vice President (Sales) હિમાંશુ બાલારે વેચાણ કૌશલ્યના મહત્વ પર ભાર મૂક્યો હતો. Iskoon Bridgeના ચેતન ચૌહાણે નેટવર્કિંગ અને ફિલ્મ ક્ષેત્રમાં તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાતી ફિલ્મ 'બહુરૂપીયો'ના કલાકારો મૌલિક ચૌહાણ અને કિંજલ રાજપ્રિયાએ પોતાના અનુભવોથી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. 'Oroja' ટેલેન્ટ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ગીતકાર-ગાયક જાનકી ગઢવીએ નિર્ણાયક તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે ૧૦ જેટલી પ્રતિષ્ઠિત કંપનીઓ સાથે MOU સાઈન કરવામાં આવ્યા હતા. ઉપરાંત શ્રેષ્ઠ પ્લેસમેન્ટ આપનાર ૧૨ કંપનીઓને 'Best Recruiter Award' તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને 'International Excellence Award' એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રમુખ મણીભાઈ પટેલે સંસ્થાની સિદ્ધિઓને બિરદાવી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને સંચાલક મંડળે નોંધપાત્ર મહેનત કરી હતી.

રાજકીય પક્ષોને પ્રચાની મંજરી મેળવવામાં સરકારી તંત્રનં

# કડીની એસ.વી. ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં 'સેલિબ્રેશન ઓફ સક્સેસ-૨૦૨૬' અને 'ઊર્જા' ટેલેન્ટ શોનું ભવ્ય આયોજન કરાયું














। કડી । (સ.ન્યૂ.સ)

કડી સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (MBA તથા MBA-ઈન્ટીગ્રેટેડ) ખાતે કઃસેલિબ્રેશન ઓફ સક્સેસ-૨૦૨૬ક તેમજ 'ઊર્જા' ટેલેન્ટ શોનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને પ્રમુખ મણીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ડાયરેક્ટર અને મેનેજમેન્ટ વિદ્યાશાખાના ડીન ડો. ભાવિન પંડ્યાએ વાર્ષિક અહેવાલ રજૂ કરતાં જણાવ્યું હતું કે સંસ્થાએ આ વર્ષે ૭૧ જેટલી કંપનીઓમાં વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. ૯ લાખ સુધીના પેકેજ સાથે પ્લેસમેન્ટ અપાવ્યું છે. MBAનું પરિણામ ૯૫ ટકા અને MBA-ઈન્ટીગ્રેટેડનું ૧૦૦ ટકા નોંધાયું હતું. સાથે જ સંસ્થાએ સતત બીજી વખત યુનિવર્સિટી યુવા મહોત્સવમાં ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી છે. આ પ્રસંગે Dev IT Ltdના સહ-સ્થાપક અને CEO જયમીન શાહે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા પ્રભાવ અંગે માર્ગદર્શન આપતાં વિદ્યાર્થીઓને પ્રોમ્પ્ટ લખવાની કળા શીખવા પ્રેર્યા હતા. Avocab Wires & Cablesના વાઈસ પ્રેસિડેન્ટ (સેલ્સ) હિમાંશુ બાલારે વેચાણ કૌશલ્યના મહત્વ પર ભાર મૂક્યો હતો. Iskoon Bridge સાથે સંકળાયેલા લેખક-નિર્દેશક ચેતન ચૌહાણે નેટવર્કિંગ દ્વારા સિનેમા ક્ષેત્રમાં તકો વિષે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ કલાકારો મૌલિક ચૌહાણ અને કિંજલ રાજપ્રિયાએ હાજરી આપી પોતાના અનુભવો રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. 'ઊર્જા' ટેલેન્ટ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ફેશન શો સહિત વિવિધ હરીફાઈઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગીતકાર-ગાયક જાનકી ગઢવીએ નિર્ણાયક તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે સંસ્થાએ પ્લેસમેન્ટ અને અન્ય પ્રવૃત્તિઓમાં સહયોગ આપતી ૧૦ જેટલી કંપનીઓ સાથે એમઓયુ કર્યા હતા. દેશ-વિદેશની ૧૨ અગ્રણી કંપનીઓને 'બેસ્ટ રિક્રૂટર એવોર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ મલિકા બકારાવાલા (ઓસ્ટ્રેલિયા), નીરવ પ્રજાપતિ (દુબઈ) અને શેખ અલી (ઓમાન)ને 'ઈન્ટરનેશનલ એક્સેલન્સ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ૨૦ ભૂતપૂર્વ અને ૧૪ તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતે પ્રમુખ મણીભાઈ પટેલે સંસ્થાની સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના કોઓર્ડિનેટર ડો. પ્રીતિ સાલવી, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્ટાફે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

Sandesh -14-4-2026

14-4-2026

દિવ્યભાસ્કર - 14-04-2026

દિવ્ય ભાસ્કર મહેસાણા પુલઆઉટ 14-04-2026

# વિદ્યાર્થીઓને એઆઇના જમાનામાં પ્રોમ્પ્ટ લખવાની કળા શીખવા આહ્વાન

## કડી એસ.વી.ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટનો સફળતાની ઉજવણી કાર્યક્રમ

ભાસ્કર ન્યૂઝ | કડી

કડીની એસ.વી. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટનો સફળતાની ઉજવણી-2026 તેમજ ઓરજા-ધ ટેલિવિઝન શો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાના અભ્યાસ, પરિણામ, રિસર્ચ અને પ્લેસમેન્ટ અંગેની માહિતી આપી હતી.

આ પ્રસંગે દેવ લિમિટેડના સહ સ્થાપક તેમજ સીઈઓ જયમિન શાહે ઈન્ફોર્મેશન ટેકનોલોજીના પ્રવાહો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નોન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લોકોની જગ્યા લઈ લેશે તેવું જણાવી પ્રોમ્પ્ટ લખવાની કળા શીખવા, હિમાંશુ બાલારે વિદ્યાર્થીઓને વેચાણ કળા શીખવા તેમજ ચેતન ચૌહાણે પોતાનું સબંધોનું નેટવર્ક ઉભું કરી સિનેમામાં આગળ વધવા માટે ઘણી તકો રહેલી છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતી ફિલ્મના કલાકારો મૌલિક ચૌહાણ, કિંજલ રાજપ્રિયાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને તેમની ફિલ્મ તેમજ ફિલ્મ લાઈનના સંઘર્ષ અને અનુભવો રજૂ કર્યા હતા. સંસ્થા દ્વારા યોજાયેલ ઊર્જા-ટેલેન્ટ હરીફાઈમાં વિદ્યાર્થીઓએ ફેશન શો હરીફાઈમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે સંસ્થાના વિદ્યાર્થીઓને ઊંચા પગારે નોકરી આપતી દેશ-વિદેશની 12 અગ્રણી કંપનીઓને બેસ્ટ રિક્રૂટર એવોર્ડ્સ, સંસ્થાની વિદ્યાર્થિની મલિકા બકારાવાલા સહિત 20 ભૂતપૂર્વ તેમજ અભ્યાસ અને અન્ય પ્રવૃતિઓમાં સંસ્થાનું નામ રોશન કરનાર 14 તેજસ્વી વિદ્યાર્થીઓનું ટ્રોફી આપી સન્માન કરાયું હતું.

આગે કી સોચ - 16-4-2026



# 'Success-2026'ની ધામધૂમઃ SVIMમાં પ્લેસમેન્ટ, ટેલેન્ટ અને સિદ્ધિનો જશ્ન.








સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત S.V.Institute of Management દ્વારા "Celeb®a ion of Success -2026" તેમજ "Oorja The Talent Show" નો ભવ્ય કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને પ્રમુખ મણીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ની સિદ્ધિઓનો ગૌરવપૂર્વક ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના ડાયરેક્ટર તથા ડીન ડૉ.ભાવિન પંડ્યાએ વાર્ષિક અહેવાલ રજૂ કરીને અભ્યાસ, પરિણામ, સંશોધન અને પ્લેસમેન્ટ અંગે વિગતવાર માહિતી આપી હતી. ખાસ નોંધનીય છે કે આ વર્ષે સંસ્થાએ ૭૧ જેટલી કંપનીઓમાં વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક પ્લેસમેન્ટ અપાવ્યું છે, જેમાં મહત્તમ ૯ લાખ સુધીનો વાર્ષિક પગાર નોંધાયો છે. પરિણામોમાં MBA માં ૯૫% અને MBA (Integ®aed) માં ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયું છે. વધુમાં, સંસ્થા સતત બીજી વખત યુનિવર્સિટી યુવા મહોત્સવમાં ચેમ્પિયન બની છે.

- ૭૧ કંપનીઓમાં વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ
- મહત્તમ ૯ લાખ સુધીનો પેકેજ
- MBA માં ૯૫% અને Integ®aed MBA માં ૧૦૦% પરિણામ
- યુનિવર્સિટી યુવા મહોત્સવમાં સતત બીજીવાર ચેમ્પિયન

**મહેમાનોનું માર્ગદર્શન અને ટેલેન્ટનો રંગારંગ કાર્યક્રમ**

કાર્યક્રમમાં ઉદ્યોગ અને સર્જનાત્મક ક્ષેત્રના અગ્રણીઓએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. Jaimin Shah એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા પ્રભાવ પર પ્રકાશ પાડ્યો હતો અને પ્રોમ્પ્ટ લેખનની કળા શીખવાની સલાહ આપી હતી.

તેમજ Himanshu Balara એ વેચાણ કળાનું મહત્વ સમજાવ્યું, જ્યારે Ch"an Chauhan એ નેટવર્કિંગની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ "બહુરુપિયો"ના કલાકારો Maulik Chauhan અને Kinjal Rajpriya એ હાજરી આપી અને પોતાના સંઘર્ષભર્યા અનુભવો શેર કરીને વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. "Oorja -The Talent Show" અંતર્ગત વિદ્યાર્થીઓએ ફેશન શો સહિત વિવિધ પ્રતિભાઓ પ્રદર્શિત કરી હતી. આ સ્પર્ધામાં જાણીતા ગીતકાર અને ગાયક Janaki Gadhvi નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા.

**સન્માન અને ભવિષ્ય તરફ એક પગલું** આ પ્રસંગે સંસ્થાએ વિવિધ કંપનીઓ સાથે MOU પર હસ્તાક્ષર કર્યા હતા, જે વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ સાબિત થશે. સાથે જ ૧૨ અગ્રણી કંપનીઓને "Best Recruiter Award" આપવામાં આવ્યા હતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવનાર પૂર્વ વિદ્યાર્થીઓને "International Excellence Award" થી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોઓર્ડિનેટર ડૉ.પ્રીતી સાલવી, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્ટાફે વિશેષ યોગદાન આપ્યું હતું.